# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા સોયાબીન પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયો

**************************************************

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર ખાતે ચાલતી આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત તારીખ ૦૧/૦૯/૨૦૨૨ ના રોજ ગામ રઈ-બાર અને તોયણી , તા- લીમખેડા ખાતે **સોયાબીન પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ** વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયો. આ બન્ને ગામોમાં તાલીમની શરૂઆતમાં કેન્દ્રના ઇ.ચાં વડા ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની પ્રવૃતિઓ વિષે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ સોયાબીન પાકમાં મુખ્ય રોગ અને જીવાત વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. કાર્યક્રમની રૂપરેખા મુજબ ડૉ. સી. જે.પટેલ દ્વારા સોયાબીન પાકમાં નિંદણ, પિયત અને ખાતર વ્યવસ્થાપન, ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા વર્મીકમ્પોસ્ટ તેમજ પ્રાકૃતિક ખાતર બનાવવાની પધ્ધતિ અને તેનું ખેતીમાં કાર્યક્ષમ ઉપયોગ જેવા જુદા જુદા વિષય ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું . ક્ષેત્રિય તાલીમ વર્ગ ની સાથે-સાથે સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત કેન્દ્રના વડા તેમજ સાથી વૈજ્ઞાનિકો દ્વારા સોયાબીન પાકોના નિર્દર્શનની મુલાકાત લેવામાં આવી. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા કરવામાં આવેલ જે થકી બન્ને ગામોનાં કુલ ૪૨ (૧૮ ભાઈઓ અને ૨૪ મહિલાઓ) ખેડૂતોએ ભાગ લીધેલ.





વૈજ્ઞાનિકો દ્વારા સોયાબીન પાકના નિર્દર્શનની મુલાકાત અને માર્ગદર્શન



